તૃપ્તિ અષ્ટક:10 શ્લોક-4

પુદ્ગલૈઃ પુદ્ગલાસ્તૃપ્તિં, યાન્ત્યાત્મા પુનરાત્મના
પરતૃપ્તિસમારોપો, જ્ઞાનિનસ્તન્ન યુજ્યતે (10-4)

શબ્દાર્થ:
પુદ્ગલૈઃ = પુદ્ગલો વડે, પુદ્ગલાઃ = પુદ્ગલો, તૃપ્તિં = તૃપ્તિને, યાન્તિ = પામે છે, આત્મના = આત્માના ગુણવડે, તત્ = તે કારણથી, જ્ઞાનિનઃ = સમ્યગ્જ્ઞાનીનો,
પરતૃપ્તિસમારોપઃ = પુદ્ગલની તૃપ્તિમાં આત્માનો ઉપચાર, ન યુજ્યતે = ઘટતો નથી.

શ્લોકાર્થ: પુદ્ગલો વડે પુદ્ગલો તૃપ્તિ પામે અને આત્મા આત્મગુણો વડે તૃપ્તિ પામે, તેથી પરદ્રવ્યથી થતી તૃપ્તિનો ભ્રમ સમ્યગ્જ્ઞાનીને સંભવતો નથી.

ભાવાર્થ: આત્મા અને પુદ્ગલ બન્ને દ્રવ્યો પરસ્પર ભિન્ન સ્વભાવવાળા છે, તેથી પુદ્ગલના સંયોગથી પુદ્ગલો જ પુષ્ટ થાય અને આત્મગુણોની વૃદ્ધિથી (પ્રગટીકરણથી) આત્મા પુષ્ટ થાય એ સ્વાભાવિક છે. છતાં અન્યની તૃપ્તિથી પોતાની તૃપ્તિ થાય છે એમ માનવું તે સમ્યગ્જ્ઞાનીને માટે યોગ્ય નથી, અર્થાત્ પુદ્ગલની તૃપ્તિથી આત્મ વિકાસ માનવો તે અજ્ઞાન છે.

પુદ્ગલોની તૃપ્તિમાં આત્માની તૃપ્તિ માનવાની ભૂલને પરિણામે આત્મા પુદ્ગલપ્રેમી બની ગયો છે. જડ જડને ભોગવે છે, મારો આત્મા ભોગવતો નથી -- આત્મા મેલો થતો નથી. આવો વિચાર આપણને પુદ્ગલના સંગી બનાવે તો સમજવું કે આપણે પરમાત્માના વચનોને સમજી શક્યા નથી.

હકીકતમાં તો એ વિચારવાનું છે કે જડ પુદ્ગલોના પરિભોગથી મારા આત્માને તૃપ્તિ થતી નથી તો હવે

૧૦મું વ્યાખ્યાન : શ્લોક - ૫

જડ પુદ્ગલોના ઉપભોગનું શું પ્રયોજન છે?
જેની સાથે અનાદિ કાળનો સંબંધ છે, તે સંબંધ તો જ તૂટી શકે જો એનો ઉપભોગ છોડવામાં આવે.

આત્મગુણોના અનુભવથી પ્રાપ્ત થતી તૃપ્તિ નિત્ય છે, તેમાં નિર્ભયતા છે અને સ્વાધીનતા છે. જ્યારે જડ પુદ્ગલોના ઉપભોગથી પ્રાપ્ત થતી તૃપ્તિ અનિત્ય છે. તેમાં ભય અને પરાધીનતા છે, માટે જ્ઞાની પુરુષે આત્મગુણોના અનુભવથી મળતી તૃપ્તિ માટે જ પ્રયત્ન કરવો.

એક પુદ્ગલ દ્રવ્યથી બીજું પુદ્ગલ દ્રવ્ય પુષ્ટ થાય છે પણ તે સિવાયના (પુદ્ગલ સિવાયના) દ્રવ્યોમાં તેમ થતું નથી. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય ત્રણે અરૂપી અને શુદ્ધ જીવાસ્તિકાય સમાન સ્વરૂપ ધર્મવાળા હોવા છતાં એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં પ્રવેશ થઈ શકતો નથી.
(આત્માનો) "બંધ" એ સ્વભાવ નથી, તે પુદ્ગલનો સ્વભાવ છે; જો આત્મા પોતાના સ્વભાવમાં હોય તો 'કર્મબંધ' ન થાય. શુભ-અશુભ, રતિ-અરતિ એ આત્માનો સ્વભાવ નથી માટે બંધન છોડવું એટલે જ મોક્ષ.

હું મારા આત્માના સ્વરૂપનો જ્ઞાતા અને ગુણનો ભોક્તા છું. અને પુદ્ગલમાં રહેલા ગુણોનો માત્ર જ્ઞાતા છું પણ ભોક્તા નથી. કેમ કે બંનેના સ્વભાવ ભિન્ન છે, એક રૂપી છે અને બીજું અરૂપી છે. એટલે અરૂપી એવો મારો આત્મા રૂપી એવા પુદ્ગલને ભોગવી ન શકે એમ પહેલા શ્રદ્ધાથી સ્વીકાર કરી જવો જોઈએ.
જ્યારે વ્યવહારથી વાપરવાનો સમય આવે ત્યારે વ્યવહારથી વિચારણા કરવી પડે. આહારમાં રહેલા રસનો સ્વાદ આવ્યો તે મોહના ઉદયથી આવ્યો. આપણે તો માત્ર વસ્તુમાં સ્વાદ છે તેનું જ જ્ઞાન કરવાનું રહ્યું.
વસ્તુમાં સ્વાદ છે પણ વસ્તુ સ્વાદિષ્ટ લાગે તે મોહનો ઉદય છે. વસ્તુનું જ્ઞાન કરવાનો મારો સ્વભાવ છે ત્યારે કર્મ ન બંધાય.

૧૦ મું તૃપ્તિ અષ્ટક : શ્લોક-૬

મધુરાજ્યમહાશાકા, ગ્રાહ્યે બાહ્યે ચ ગોરસાત્
પરબ્રહ્મણિ તૃપ્તિર્યા, જનાસ્તાં જાનતેઽપિ ન (૧૦-૬)

**શબ્દાર્થ:** મધુરાજ્ય = મનોહર રાજ્યની, મહાશાક = મોટી આશાઓ છે જેને, અગ્રાહ્ય = ન પ્રાપ્ત થઈ શકે એવા, ચ = અને, ગોરસાત્ = વાણીના રસથી બહાર પરબ્રહ્મમાં જે તૃપ્તિ છે, જાનતેઽપિ ન = લોકો જાણતા પણ નથી, (તો પામે ક્યાંથી ?).

**શ્લોકાર્થ:** મનોહર રાજ્યમાં મોટી આશા જેઓને છે એવા પુરુષોવડે ન પ્રાપ્ત થઈ શકે એવા અને વાણીથી અગોચર એવા પરબ્રહ્મમાં જે તૃપ્તિ છે તેને લોકો જાણતા પણ નથી, (તો અનુભવે ક્યાંથી ?).

**ભાવાર્થ:**
શુદ્ધ આત્મદશામાં સ્વરૂપનો અનુભવ કરવા સ્વરૂપ જે તૃપ્તિ છે તેને સામાન્ય લોકો પણ જાણતા નથી તો તેનો અનુભવ તો હોય જ ક્યાંથી ? સ્વભાવદશાના આનંદનો અનુભવવા સ્વરૂપ જે વાસ્તવિક તૃપ્તિ છે તે લોકોત્તર તૃપ્તિ છે. તે તૃપ્તિને સાંસારિક ભોગસુખોથી સરખાવી ન શકાય તેવી છે. કારણકે ભોગસુખો ક્ષણિક છે, નાશવંત છે, પરાધીન છે. પ્રાપ્તિમાં ઘણાં કષ્ટો (દુઃખો) આપનારા છે. સંરક્ષણમાં ચિંતા આપે છે છતાં વિયોગકાળે દુઃખદાયી છે.

સ્વરૂપદશાનો આનંદ અનંતકાળ સ્થાયિ છે. સ્વાધીન છે. ક્યારેય પણ તેનું સંરક્ષણ કરવું પડતું નથી, તથા ક્યારેય પણ તેનો વિયોગ થતો નથી. માટે સ્વભાવ-સુખની તૃપ્તિ ભોગસુખોની તૃપ્તિ સાથે સરખાવી શકાય તેવી નથી. જે માણે તે જ જાણે.

પરબ્રહ્મમાં (આત્માના શુદ્ધ સ્વરૂપમાં) મસ્ત બનેલો આત્મા એ તૃપ્તિમાં એવો લીન થઈ જાય છે કે પછી જગતના પદાર્થો તેને આકર્ષી શકતા નથી.

૧૦ મું તૃપ્તિ અષ્ટક : શ્લોક-૬

છઠ્ઠા શ્લોકનો બીજો અર્થ નીચે પ્રમાણે પણ કરી શકાય.

અર્થ: સાકર, ઘી અને ઉત્તમ શાક વિના અનુભવી શકાય તથા દૂધ-દહીં, ઘી આદિ ગોરસ વિના ભિન્ન હોવા પર બ્રહ્મમાં જે તૃપ્તિ છે તેને અજ્ઞાન લોકો જાણતા પણ નથી તો અનુભવે ક્યાંથી ?

જગતના જીવો આત્મામાં જ તૃપ્તિ છે એવું જાણતા નથી. તેઓ તો દૂધ, ઘીમાં જ તૃપ્તિ છે તેવું માને છે તેથી તેમને જ મધુરતા ગમે છે. આત્માની તૃપ્તિ અબાહ્ય - અગ્રાહ્ય છે તે બહાર મળતી નથી. આત્માના સ્વાદને માણવા પુદ્ગલના સ્વાદને છોડવો જોઈએ.

જો આત્મા સ્વરૂપ અવસ્થાના ઉપયોગમાં ન હોય તો તે સ્વભાવમાં સ્થિર ન રહી શકે અને વિભાવ દશામાં પરમાં જાય એટલે તેને ઘાતી અને અઘાતી કર્મનો સતત બંધ થાય. સ્વભાવમાં જેટલો સ્થિર તેટલા ઘાતી - અઘાતી ન બંધાય પણ નિર્જરા થાય.

લોકો જેને તૃપ્તિ માની સંસારમાં દોડી રહ્યા છે તે વાસ્તવમાં તૃપ્તિ નથી પણ તૃષ્ણા છે, તેને દૂર કરવા પરબ્રહ્મરૂપી - શુદ્ધ એવા આત્મામાં - રમણતા કરવી જોઈએ. પોતાના જ ગુણો પોતાની પાસે હોવા છતાં જીવ સુખની શોધ બહાર કરે છે એ જ મોહનું કાર્ય છે. જે પરમાં 'ઇચ્છાઓ' કરાવે છે તેનું મૂળ કારણ 'લોભ' છે.

મિથ્યાત્વ મોહનીય પુદ્ગલમાં આદર કરાવી, લોભ મોહનીય પુદ્ગલમાં સુખાભાસનો ભ્રમ કરાવી, જીવને તેમાં મૂઢ બનાવી ભવભ્રમણ કરાવે છે. અનાદિ શરીર વળગેલું હોવાથી શરીર સંબંધી તૃષ્ણા વધારી શરીરની આળપંપાળમાં જ પડ્યો રહે છે.

શરીરને જે ગ્રાહ્ય છે તે આત્મા માટે અગ્રાહ્ય છે પણ મિથ્યાત્વ તેને શરીરમાં જ ગ્રાહ્ય-બુદ્ધિ કરાવે છે. તત્ત્વદૃષ્ટિ વિના જે નિર્ણય થાય છે તે પર્યાય દૃષ્ટિનો નિર્ણય પ્રમાણભૂત ન ગણાય.

૧૦ મું તૃપ્ત અષ્ટક: શ્લોક-૭

વિષયોર્મિવિષોદ્ગાર:, સ્યાદતૃપ્તસ્ય પુદ્ગલૈ:
જ્ઞાનતૃપ્તસ્ય તુ ધ્યાન, સુધોદ્ગાર પરંપરા (૧૦-૭)

<u>શબ્દાર્થ</u>: પુદ્ગલૈ: = પુદ્ગલોથી, અતૃપ્તસ્ય = નહિ તૃપ્ત થયેલાને, વિષયોર્મિવિષોદ્ગાર: = વિષયના તરંગરૂપ ઝેરના ઓડકાર, સ્યાત્ = હોય છે, જ્ઞાનતૃપ્તસ્ય તુ = જ્ઞાનથી તૃપ્ત થયેલાને તો, ધ્યાનસુધોદ્ગાર પરંપરા = ધ્યાનરૂપ અમૃતના ઓડકારની પરંપરા હોય છે.

<u>શ્લોકાર્થ</u>: પુદ્ગલના સુખો વડે અતૃપ્ત એવા જીવને (આત્માને) (પાંચ ઇન્દ્રિયોના) વિષયોના વિકલ્પો રૂપ વિષના ઓડકાર હોય છે. પરંતુ જ્ઞાનમાં તૃપ્ત આત્માને ધ્યાન રૂપી અમૃતના ઓડકારની પરંપરા હોય છે.

<u>ભાવાર્થ</u>:
આ સંસારમાં જીવો બે પ્રકારના હોય છે. એક પુદ્ગલાનંદી કે જેને બાહિરાત્મા કહેવાય છે. આ જીવો પુદ્ગલની સામગ્રી ભોગસુખો જ માણનારા અને તેમાં જ સુખ છે એવી બુદ્ધિવાળા હોય છે.

બીજા આત્માનંદી - અંતરાત્મા કહેવાય છે. આત્માના જ્ઞાનાદિ ગુણોમાં જ આનંદ માનનારા અને તેમાં જ સુખ-બુદ્ધિવાળા હોય છે.

પુદ્ગલાનંદી જીવોએ આત્માના સ્વરૂપના પારમાર્થિક આનંદને ક્યારેય માણ્યો નથી. આત્માના ગુણોના આનંદનો સ્વાદ ક્યારેય ચાખ્યો નથી. પાંચ ઇન્દ્રિયોની સામગ્રી પૌદ્ગલિક સુખો માણવા રૂપ વિષયોના તરંગો રૂપી વિષ જ તેમના મનમાં અને વચનમાં ચાલતું હોય છે. મનમાં વિચારો પણ વિષયોના ચાલતા હોય છે. તેમને ભોગસુખોમાં જ પ્રીતિ હોય છે. તેથી નિરંતર (Everyday) પુદ્ગલના જ

પુરિતઆશ્રવક : શ્લોક-૭

સુખ-દુઃખની વાતો કરવા સ્વરૂપ વિષયોના તરંગો રૂપી વિષના જ ઓડકારો ચાલુ હોય છે.

જે આત્માઓ આત્માનંદી છે, જ્ઞાનાદિ ગુણોના જ રસિયા છે તેવા આત્માઓને ધ્યાનરૂપી અમૃતના ઓડકારની પરંપરા હોય છે. તેમના મનમાં વિષયભોગોના બદલે તત્ત્વના જ વિચારો ચાલતા હોય છે. વાણીમાં આત્મતત્ત્વના ગુણો પ્રાપ્ત કરવાની જ ધર્મચર્ચા કરતા હોય છે.

ક્યાં વિષયોના તરંગો રૂપી વિષના ઓડકાર? અને ક્યાં તત્ત્વની એકાગ્રતા રૂપ અમૃતના ઓડકાર? આત્મતત્ત્વની વિચારણા - આત્મતત્ત્વનું જ જ્ઞાન અને આત્મતત્ત્વનું જ ધ્યાન એમ તત્ત્વજ્ઞાન રૂપી અમૃતના જ ઓડકારોની પરંપરા હોય છે.

10 મું તૃપ્તિ અષ્ટક: શ્લોક-૮

સુખિનો વિષયાતૃપ્તા, નેન્દ્રોપેન્દ્રાદયોઽપ્યહો,
ભિક્ષુરેકઃ સુખી લોકે, જ્ઞાનતૃપ્તો નિરંજનઃ (૧૦-૮)

**શબ્દાર્થ:** વિષયાતૃપ્તાઃ = વિષયોથી નહિ તૃપ્ત થયેલા, ઈન્દ્રોપેન્દ્રાદયઃ = ઈન્દ્ર, [illegible] વગેરે, અપિ=પણ, સુખિનઃ = સુખી, ન = નથી, અહો = એ આશ્ચર્ય છે, લોકે = જગતમાં, જ્ઞાનતૃપ્તઃ = જ્ઞાનથી તૃપ્ત થયેલો, નિરંજનઃ = કર્મમેલ રહિત, એકઃ = એક, સુખી = સુખી છે.

**શ્લોકાર્થ:** વિષયોથી નહિ તૃપ્ત થયેલા ઈન્દ્ર વગેરે પણ સુખી નથી એ આશ્ચર્ય છે. જગતમાં જ્ઞાનથી તૃપ્ત થયેલો કર્મ-મળ રહિત એક ભિક્ષુ-સાધુ સુખી છે.

**ભાવાર્થ:** ઈન્દ્ર વગેરે મહારાજાઓ મનગમતા પાંચ ઈન્દ્રિયોના વિષયોના સુખો મળવા છતાં પણ મનથી સુખી નથી. વધુ વધુ મળે તો સારું એમ સદાકાળ ભોગોની ભૂખથી પીડાતા જ રહે છે. જેમ ઈન્ધન (બળતણ) નાખવા છતાં અગ્નિ ક્યારેય તૃપ્ત થતો નથી એમ વિષયસુખો ~~[illegible]~~ મળવા છતાં ઈન્દ્રિયો ક્યારેય તૃપ્ત થતી નથી. પાંચ ઈન્દ્રિયોના વિષયો એ તૃપ્તિનું કારણ જ નથી પરંતુ અતૃપ્તિ જ વધારનારા છે. વિષયભોગોમાં સુખ નથી પણ અજ્ઞાનથી અને મોહદશાથી તે વિષયભોગો ભવનો સુખનો ભ્રમ કરાવે છે. સુખની મિથ્યા કલ્પના જ છે.

આ સંસારમાં સર્વથા આસક્તિ વિનાના, નથી કેવળ સંયમયાત્રાના નિર્વાહ માટે જ ભિક્ષાથી આહાર ગ્રહણ કરે છે તથા સર્વથા પરિગ્રહ (મમતા-મૂર્છા) વિનાના એવા એક ભિક્ષુ (મુનિ) જ સુખી છે. કારણ ભિક્ષુ પરદ્રવ્યના ભોગોથી વિરક્ત વિનાના છે, ~~[illegible]~~ માત્ર આત્માના ગુણોમાં જ વસનારા છે માટે સુખી છે.

પાંચેય ઈન્દ્રિયોના સુખ સંખ્યાત કે અસંખ્યાત કાળ સુધી ભોગવી શકાય જ્યારે આત્માનું સુખ અનંતુ છે, અમર્યાદ છે.

૧૦મું ગૃહિત અષ્ટક શ્લોક-૮

અસંખ્યાત કાળના આયુષ્યવાળો દેવ કે યુગલિક, આત્માના અનંતા સુખને પણ ભોગવી શકે નહિ, કેમ કે વિરતી નથી.

સંખ્યાત કાળના આયુષ્યવાળા મુનિ આત્માના અનંતા સુખનો ભોગવી શકે છે કેમકે પરસંગથી પર રહેવાનું સાધન "સર્વવિરતી" છે.

આત્મા ક્યારેય બાહ્ય પદથી મહાન બનતો નથી - પદ આભાસની વસ્તુ છે.
આત્મા સ્વ ગુણથી જ મહાન બને છે જે આત્માની અંદર રહેલા છે.
પુણ્યના ઉદયે પ્રાપ્ત વિષયસુખો તેઓ માટે વિષ જેવા છે કેમકે તે ખોટું કાર્ય કરનારા છે, અને સ્વભાવ ધર્મનો ભૂલાવનારા છે.